Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH


## સાધન

સોક્રેટીસ નામે એક મહાન તત્ત્વવેત્તા આજથી અઢી હજાર વર્ષ પૂર્વે ગ્રીસમાં થઈ ગયો. એક વખત તે આથેન્સની ભર બજારમાંથી તેના અનુયાયીઓ સાથે પસાર થતો હતો. અનુયાયીઓમાંથી એકે તેને કહ્યું: "આથેન્સ દુનિયાનું મહાન નગર છે અને આ તેની મુખ્ય બજાર છે. આમાં દુનિયાની બધી સંપત્તિનો માલ વેચાય છે. તમે કહો તે માલ અમે તમારા માટે ખરીદી લઈએ."

સોક્રેટીસે તે જોઇ કહ્યું: "ભાઈ, મને ઉપયોગમાં આવે એવી કોઈ ચીજવસ્તુ આમાં નથી. આ તો માણસની વૃત્તિને પંપાળીને ઉત્તેજવાનાં સાધન છે, માણસની માણસાઈ વધારનારાં સાધન નથી. અને ખરું પૂછો તો આ સાધન પણ નથી. કારણ કે પોતાના અંતિમ ધ્યેયને સિદ્ધ કરવામાં જે ઉપયોગી થાય તેને જ સાધન કહેવાય. એ રીતે આ માનસિક રોગો ઉત્પન્ન કરનાર કચરો છે, મારે એ ન જોઈએ."

સંપત્તિઓ એકઠી કરવાથી માણસ જાતે ખરું સુખ પામી શકતો નથી. સુખ સંપત્તિમાં નથી, મનમાં છે, મનને સમૃદ્ધ, નિરોગી, નિર્મળ અને સાત્ત્વિક બનાવવું એ જ ખરી સાધના છે. અને એ સાધનામાં જે ઉપયોગમાં આવી શકે તે ખરાં સાધન છે. માણસે વિવેકપુરઃસર હિતકારક હોય તેવાં જ સાધનોને સ્વીકારી બાકીનાં છોડી દેવા જોઈએ. જેટલી સ્વાધીનતા તેટલું સુખ વધારે. સાધનસંપત્તિ વિના ન ચાલે એવી વૃત્તિ દીનતા છે, પરાધીનતા છે, દુઃખ અને અધોગતિની તે જનેતા છે.

—પારાશર્ય


પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૮
અંક ૧૦

શ્રાવણ
સં. ૨૦૧૭


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | સુભાષિત | | ૧૫૩ |
| ૨ | પર્વાધિરાજ પર્યુષણ મહોત્સવ | મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ | ૧૫૪ |
| ૩ | ભો નગાધિરાજ | સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ | ૧૫૬ |
| ૪ | ગુણથી જ મોટાઇ મળે છે .. .... | ,, ,, ,, | ૧૫૮ |
| ૫ | માનવોચિત સુખ | શ્રી કેદારનાથજી | ૧૩૦ |
| ૬ | પાસથવણ ( પાર્શ્વ સ્તવન ) | હીરાલાલ ર. કાપડીયા | ૧૬૨ |
| ૭ | પાંચ વર્ષનું પ્રમુખપદ | દ્વિરેફ | ૧૬૬ |
| ૮ | પર્યુષણ મહાપર્વ ઉજવો | મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ | ટા. પેજ ૩ |


# સમાચાર સાર

**ભાવનગરઃ**–અત્રે શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન જિનાલયમાં પ્રતિષ્ઠા–મહોત્સવ છે અને તે નિમિત્તે અષાડ વદ ૧૪ તા. ૧૦-૮–૬૧થી અઠ્ઠાઈમહોત્સવ શરૂ થઇ ગયેલ છે તેનો કાર્યક્રમ નીચે મુજબ છે. પ્રતિષ્ઠા કરાવવા માટે કમિટીની વિનંતીથી પૂજ્ય આચાર્ય મહારાજશ્રી ઉદયસૂરીશ્વરજી પધારેલ છે.

અષાઢ વદ ૧૪ ગુરૂવાર તા ૧૦–૮–૬૧ શ્રી અષ્ટાહ્નિકા મહોત્સવ પ્રારંભ–સવારે સ્ટા. ટા. ૭–૫ કુંભસ્થાપના–અખંડ દીપક સ્થાપન–જવારારોપણ. બપોરે–શ્રી નવપદજીની પૂજા તથા આંગી શેઠ મોહનલાલ શામજીભાઇ દેવચંદ તરફથી.

અષાઢ વદ ૦)) શુક્રવાર તા. ૧૧–૮–૬૧ બપોરે–શ્રી પાર્શ્વનાથજી પંચકલ્યાણક પૂજા તથા આંગી સલોત ચુનીલાલ રતીલાલ હેમરાજ તરફથી.

શ્રાવણ શુદ ૧ શનીવાર તા. ૧૨–૮–૬૧ સવારે–નવગ્રહ, દશ દિક્પાલ, અષ્ટમંગલ પૂજન. બપોરે નવાણુ પ્રકારી પૂજા તથા આંગી શેઠ નાનચંદ આણંદજી તરફથી.

શ્રાવણ સુદ ૨ રવીવાર તા. ૧૩–૮–૬૧ સવારે–અઢાર અભિષેક (બધા જિનમંદિરોના પ્રતિમાજીઓને) બપોરે–શ્રી નંદીશ્વરદ્વીપની પૂજા તથા આંગી શેઠ નરશીદાસ મેઘજીભાઇ તરફથી.

શ્રાવણ સુદ ૩ સોમવાર તા. ૧૪–૮–૬૧ શ્રી અંતરાય કર્મની પૂજા તથા આંગી શેઠ ત્રિભોવનદાસ ગોરધનદાસ ટાણાવાળા તરફથી.

શ્રાવણ સુદ ૪ મંગળવાર તા. ૧૫–૮–૬૧ સવારે-રથયાત્રાનો વરઘોડો. બપોરે–શ્રી મહાવીર પંચકલ્યાણકની પૂજા તથા આંગી શેઠ જગજીવનદાસ મગનલાલ દાઠાવાળા તરફથી.

શ્રાવણ સુદ ૫ બુધવાર તા. ૧૬–૮–૬૧ સવારે–ધ્વજદંડ–કળશ–અભિષેક–પૂજન–ચૈત્ય અભિષેક. બપોરે–શ્રી ઋષીમંડલની પૂજા તથા આંગી શેઠ કપુરચંદ હરીચંદ મેચીસવાળા તરફથી.

શ્રાવણ સુદ ૬ ગુરૂવાર તા. ૧૭–૮–૬૧ બપોરે–શ્રી આદિશ્વરજી પંચકલ્યાણક પૂજા તથા આંગી શેઠ જીવરાજભાઇ ખીમચંદ તરફથી.


શ્રાવણ સુદ ૭ શુક્રવાર તા. ૧૮–૮–૬૧ ગભારા પ્રવેશ સવારના સ્ટા. ટા. ૭–૩૭ વાગે. પ્રભુ પ્રતિષ્ઠા (ગાદી સ્થાપન) સવારે સ્ટા. ટા. ૯–૨૦–૪ વાગે. શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર બપોરે વિજય મુહૂર્તે શેઠ જુઠાલાલ ત્રીભોવનદાસ તરફથી ભણાવાશે.

નવકારશીનું જમણ બપોરના સ્ટા. ટા. ૧ થી ૬ાા ( શ્વેતામ્બર, દિગંબર સ્થાનકવાસી, લોંકાગચ્છનું સામુદાયિક. )

શ્રાવણ સુદ ૮ શનિવાર તા. ૧૯–૮–૬૧ સવારે સ્ટા. ટા. ૮–૫ વાગે દ્વારોદ્દ્ઘાટન. બપોરે–શ્રી સત્તરભેદી પૂજા તથા આંગી શા નાથાલાલ માણેકચંદ તરફથી. દરરોજ રાત્રે ભાવના બેસશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૮ મું ] શ્રાવણ તા. ૧૫-૮-૬૧ અંક ૧૦ મો ]

## सुभाषित

अहो नु कष्टः सततं प्रवासः
ततोऽपि कष्टः परगेहवासः ।
कष्टाधिका नीचजनस्य सेवा
ततोऽतिकष्टा धनहीनता च ॥

### વસંતતિલકા

આપે અહો દુખ નિરંતરનો પ્રવાસ,
એથી અતિ દુખદ છે પરઘેર વાસ;
એના થકી દુખદ નીચની સેવ ભારી,
છે સર્વથી નિર્ધનતા બહુ દુઃખકારી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્વાધિરાજ પર્યુષણ મહોત્સવ

મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

( સુણો ચંદાજી.........એ રાગ )

ભવિ ભાવ ધરી પર્યુષણ પુણ્યકારી પ્રેમે ઊજવો,
ગુરુમુખ કેરો બોધ સુણીને હર્ષે ઉરને રીઝવો–ભવિ૦ (૧)

શુભ કલ્પસૂત્ર શ્રવણે ધારો,
વિધિપૂર્વક સુણીને પાપ હરો.
ગુરુમુખથી સુણીને ભવથી તરો. ભવિ૦ (૨)

નવ વ્યાખ્યાનો અતિ સુખકારી,
વીર પાર્શ્વ નેમિ ને રૂષભાદિ
શુભસ્થી વિરાવલિ ને સમાચારી. ભવિ૦ (૩)

પર્યુષણનો શુભ અર્થ ગ્રહો,
કરી પુણ્ય અતિશય પાપ દહો,
આત્મામાં રમણતા શ્રેષ્ઠ ચહો. ભવિ૦ (૪)

મળ્યું કલ્પસૂત્ર પાવનકારી,
એકવીસ વાર શ્રવણે ધારી,
બનો મોક્ષતણા પછી અધિકારી. ભવિ૦ (૫)

કરો ક્ષમાપના સહુ જીવ પરે,
સમભાવધરી વર્તન જો કરે,
આરાધકપદને પ્રાણી વરે. ભવિ૦ (૬)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવ વારંવાર આ યોગ મળે,
શુભ પુણ્ય તણો અવસર આ ફળે,
જેથી બુદ્ધિ સુમાર્ગે વિશેષ વળે. ભવિ૦ (૭)

બે સમયે પ્રતિક્રમણો કરવાં,
અતિ આનંદથી પ્રભુ ગીત સ્મરવાં.
ગુરૂદેવદર્શને શિર ધરવાં. ભવિ૦ (૮)

આરંભ પાપનો ત્યાગ કરો,
વ્યવહાર ધર્મનું ધ્યાન ધરો,
બ્રહ્મચર્યશીલનને ગ્રહણ કરો. ભવિ૦ (૯)

તપશ્ચર્યા છઠ્ઠ અઠ્ઠમની,
તપ અષ્ટ દિનનું શુદ્ધ બની,
વળી વિવિધ પૂજા પ્રભુ જિનની. ભવિ૦ (૧૦)

અસત્ય વચનના ત્યાગી બનો,
જુગાર રૂપી એક શત્રુ હણો,
એવાં ગુરુબોધતણાં વચનો. ભવિ૦ (૧૧)

ઉત્સવ નંદીશ્વર દેવ કરે,
માનવ ભૂમિ એ કેમ ના ઊજવે?
પછી અનંત રૂદ્ધિની પ્રાપ્તિ ધરે. ભવિ૦ (૧૨)

પર્યુષણને ઉર મધ્ય સ્મરે,
પ્રભુ ગાન વિષે ઉત્સાહ ધરે,
લક્ષ્મીસાગર અજિતપદ પ્રાપ્ત કરે. ભવિ૦ (૧૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભો નગાધિરાજ !

(પર્વતને યોગીની ઉપમા બધી રીતે ઘટાવી છે.)

ઉન્નત રાખી મસ્તક નભમાં સ્વર્ગ આમી વાત કરે
તારાગણુ વિશ્રામ કરે જ્યાં જગજનના જે ચિત્ત હરે
જગ સહુ માને નગવર તુજને શિખર જાસ ઉતુંગ રહે
હું માનું તું યોગીશ્વર છે અવિરત યોગ અખંડ વહે ૧

મુનિજન ને વિદ્યાસાધક કંઈ તુજ સંનિધમાં આવી રહ્યા
નિજનિજ સિદ્ધિ વરી જેઓએ આશ્રય તારો કરી ગયા
મણિ યંત્રૌષધિ સાધન કરતા જન કોઇ મનની શાંતિ લહે
હું માનું તું યોગીશ્વર છે અવિરત યોગ અખંડ વહે ૨

લોકો માને અજીવ તુજને પાષાણોનો પુંજ ભલે
તરૂવર તારા અંગોપાંગે વધે સુખેથી ફૂલે ફળે
જટાજૂટ કચ વૃક્ષ રૂપમાં યોગી તનુ આરામ વહે
હું માનું તું યોગીશ્વર છે અવિરત યોગ અખંડ વહે ૩

તારા જુજુઆ અંગે ઝરણા નદી સરોવર વિલસે છે
જ્યાં આનંદે હંસ સારસો કેલિ કરતા નાચે છે
તું યોગી છે તુજ અંગેથી પરસેવાના ઝરણા વહે
હું માનું તું યોગીશ્વર છે અવિરત યોગ અખંડ વહે ૪

કાલે અનંત રહ્યો તું નિશ્ચલ યોગ સાધના કરે સદા
ધ્યાન ધારણા કરે નિરંતર કોઈ ઉપાધિ નહીં કદા
તુજ તનુ ઉપર તીર્થપતિ કંઈ કલ્યાણકમાં આવી રહે
હું માનું તું યોગીશ્વર છે અવિરત યોગ અખંડ વહે ૫

તીર્થપતિની પદરજ ઝીલી નિર્મલ તાહરો દેહ થયો
ત્યાં પણ અવિચલ સતત તું છે નિર્મલ ચિત્તે યોગ વહ્યો
નિશ્ચલ ધારી યોગ સમાધિ ઋષિવર! તુજ મનશાંતિ વહે
હું માનું તું યોગીશ્વર છે અવિરત યોગ અખંડ વહે ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનંત એવા ગયા ઉનાળા ધગધગતા અંગાર સમા
તેવા ટાઢા કુસ્તર એવા ગયા શિયાળા હીમ સમા
તું ન પુલાયો નહીં કુલાયો નિશ્ચલ યોગી ચિત્ત રહે
હું માનું તું યોગીશ્વર છે અવિરત યોગ અખંડ વહે ૭

કંઇક ઉત્સવો સુરકૃત જોયા ધીંગાણા પણ બહુ જોયા
ધાન્ય સમૃદ્ધિ નજરે જોઇ દુકાળ કાળા પણ જોયા
સુખદુઃખ સમયે અનુપમ સમતા વિકૃતિ તાહરે કદિ ન રહે
હું માનું તું યોગીશ્વર છે અવિરત યોગ અખંડ વહે ૮

સમતા ક્ષણપણ ન ઢળે તારી સાગરસમ ગંભીર બની
ધન્ય ધીર તું વીર અલૌકિક મુનિપદનો સાક્ષાત ધણી
નગવર! તુંજ તપોધન સાચો અપ્રતિહત તુજ શાંતિ રહે
હું માનું તું યોગીશ્વર છે અવિરત યોગ અખંડ વહે ૯

તાહરા અંગે ગુફા કોતરી કોઇએ પથ્થર પણ ફેંકયા
કોઇએ પૂજન કોઇએ તર્જન અનેક રીતે કરી નાખ્યા
અચલ ખરો તું યોગી સમરસ કોઇ પળે ન અશાંત રહે
હું માનું તું યોગીશ્વર છે અવિરત યોગ અખંડ વહે ૧૦

સિંહ વ્યાઘ્ર વૃક શિયાળ તારા શરીર માંહે નિવાસ કરે
મૃગ બક હંસ અને ખગ ગણ પણ આનંદે કલ્લોલ કરે
નિરાશ્રિતોનો આશ્રયદાતા સમાનતા સહુ સાથ લહે
હું માનું તું યોગીશ્વર છે અવિરત યોગ અખંડ વહે ૧૧

કયારે થાશે તપ તવ પૂરું પથ્થર દેહ જશે કયારે?
અથવા એહ અનંત તપોવન અનંતમાં મળશે ત્યારે
ધન્ય ધન્ય નગરાજ! તાહરી પદસેવા બાલેન્દુ ચહે
હું માનું તું યોગીશ્વર છે અવિરત યોગ અખંડ વહે ૧૨

સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુણથીજ મોટાઈ મળે છે ઐશ્વર્યથી નહીં!

સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ.

જગતમાં ઘણા માણસો મોટા અને વૈભવશાલી ગણાય છે. પણ એમનું એ વૈભવ જો સાચું ગુણનિષ્પન્ન નહીં હશે તો તે તદન પોકળજ રહેવાનું. એવું મોટાપણું ફક્ત દેખાવ પુરતુંજ હોઈ શકે છે. સાચુ નહીં. જેમ કોઈના પગે સોજો આવી જાય ત્યારે તે પગ ખૂબ જાડો થએલો જણાય છે. પણ એ જાડાપણું તો રોગજનિત હોય છે. એને શરીરની પુષ્ટી અગર બળ શી રીતે ગણાય? તેમજ નાટકમાં કોઈ નટ મોટો રાજા થઈને આવે અને અંગ ઉપર ઘણા ભારે જણાતા કપડાં પેહેરેલાં હોય. ખૂબ ઘરેણાથી અંગ ઢાંકેલુ હોય, એને સાચું રાજવીપણું કોઈ ગણતું નથી. હાથમાં એક ચળકતું ખડ્ગ ઝાલી એ એક મહાન યોદ્ધાની પેઠે ફેરવતો હોય ત્યારે એ કાંઈ વીર ક્ષત્રિય ગણાય નહીં. એ એનું વૈભવ કેવળ નકલી હોય છે. ગુણનિષ્પન્ન નહીં. કૃત્રિમપણું ઘડી ભરને માટે માણસને ભૂલાવામાં નાખી દે તેથી હમેશને માટે લોકોને એ છેતરી શકતું નથી. પિત્તળ થોડા વખત સુધી સોનુ ભાસતું હોય તેથી તે સોનું થઈ જતું નથી.

શ્રીપાળકુમાર શ્વશુરગૃહે ખૂબ આરામ અને વૈભવ ભોગવતા હતા. કોઈ જાતની ખામી નહીં હતી. છતાં એમને એમ લાગ્યું કે, આ વૈભવ અને ભોગ-વિલાસમાં મારૂં શું? 'ઉત્તમ આપ ગુણે કહ્યા' એ સૂત્ર એમના મગજમાં પૂરેપૂરું પેશી ગએલું હતું. તેથીજ એમણે એકાકી દેશાંતરે જવાનું સાહસ ખેડયું. અને સાચા વૈભવશાલી થઈનેજ પાછા ફર્યા. એઓ વૈભવ અને ઇંદ્રિયસુખમાંજ લોલુપ બની બેસી રહ્યા હોત તો શું તેઓ સાચા વૈભવશાલી થયા હોત? અને જ્ઞાનીઓની પ્રશંસાને પાત્ર થયાં હોત?

એકાદ માણસ કરોડાધિપતિ હોય અને એની પાસે માનવતાનો ગુણ ન હોય તો એ એનું ધનવૈભવ શા કામનું? જેઓ એની સામે હાજીહા કરી એના મોઢા સામે એના ગુણગાન કરતા હોય છે, તેઓ સાચી રીતે જોતા એના શત્રુ હોય છે. એમને તો પોતાનો કાંઈને કાંઈ અંગત સ્વાર્થ સાધી લેવાનો હોય છે. અને એટલા માટેજ તેઓ એના સ્તુતિસ્તોત્રો ગાતા હોય છે. અને એની પાછળ એની પેટભરી ઠેકડી કરતા હોય છે! ધનવાન પાસે જો દાતૃત્વનો ગુણ ન હોય તો એનું એ ધન તુચ્છ ગણાવું જોઈએ. એકલું ધન કાંઈ સાચું વૈભવ ગણાતું નથી. તેની સાથે લોક હિત સાધવાની અને પોતાના આત્માને ઓળખવાની બુદ્ધિ જાગૃત હોવી જોઈએ. એટલા માટે કેહેવું જોઈએ કે, ગુણ વિનાની મોટાઈ એ સાચા ઐશ્વર્યની નિશાની નથી.

કમઠ તપસ્વી પોતાની આસપાસ ધગધગતો અગ્નિ સળગાવી ઉપરથી સૂર્યની આતાપના સહન કરતો હતો, અને તેને લીધે તેની તરફ પૂજ્યભાવે લોકોનું આકર્ષણ થયું હતું. પણ તપની પાછળ શુદ્ધ પવિત્ર અને નિઃસ્વાર્થી હેતુ હતો નહીં. એને તો આવા તાપમાં માળા ફેરવી સ્વર્ગસુખ જેવું સુખ મેળવવાનું હતું. અને લોકોમાં મોટી માન્યતા મેળવી ખાનપાનની બધી જોગવાઈ મેળવી લેવાની હતી. એ બધું કામ સરળ ચાલી રહ્યું હતું. એવામાં પાર્શ્વકુમારે આવી એની ભૂલ બતાવવા અને સાચો કલ્યાણનો માર્ગ બતાવવા પ્રયત્ન કર્યો પણ કમઠના મનથી તો પાર્શ્વકુમાર એના શત્રુ જણાયા. જનતા એની પાછળ ગાંડી ઘેલી થઈ હતી તે વિમુખ અને તિરસ્કાર અને ટીકા કરનારી બની ગઈ. એનો વૈભવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નષ્ટ થઇ ગયો. તેથી જ એ ગુણ જ ગુમાવી બેસવા તત્પર થયો. અને અંતે મહા દુઃખનો ભાગી થયો. એટલે વૈભવ એ સાચા ગુણ વિના નકામો છે, એ સ્પષ્ટ જોવામાં આવે છે.

गुणैरुत्तमतां याति नैश्वर्यासनसंस्थितः ।
प्रासादशिखरस्थोऽपि काको न गरुडायते ॥

પોતાની લાયકાત જોયા વિના જે ઊંચા આસન ઉપર જઇ બેસે છે, તેથી તે કાંઇ ઊંચો થઇ જતો નથી. ઉત્તમતા જો મેળવવી હોય તો તે માટે ગુણોનો જ સંગ્રહ કરવો જોઇએ. ફક્ત ઊંચી જગ્યાએ જઇ બેસવાથી કાંઈ સાચો વૈભવ મળતો નથી. ઊંચા રાજમહેલના ટોચ ઉપર કોઈ કાગડો ચઢી બેસે તેથી કાંઇ તે ગરૂડ પક્ષી બની જતો નથી. કાગડો એ કુશબ્દ ઉચ્ચારનારો કાગડો જ રહેવાનો છે. એ કોઇ દિવસે ઊંચે ચઢી બેઠો એટલા માત્રથી ગરૂડ બની જાય એ અશક્ય છે. કોઇ માણસ પોતાને પૂજ્ય પંડિત કે આચાર્ય ઉપાધ્યાયનું બિરૂદ ધારણ કરી બેસે તેથી કાંઈ તે એવી પદવીને લાયક બની જતો નથી. એ પદવી કે મોટાઇનો વૈભવ તો ગુણનિષ્પન્ન હોવું જોઇએ, પોકળ નહીં. પણ જગતમાં અનુભવ તદ્દન ઊલટો જ મળે છે. ઘણા પદવીધારકો એ પદવી માટે તદ્દન અપાત્ર જ હોય છે. અને ભોળી જનતા પાસે માન ખાટી જતા હોય છે. પણ એવું અકારણે ગુણહીનને મળેલો વૈભવ થોડા જ સમયમાં ખુલ્લું પડી જાય છે. અને તેનું સાચું સ્વરૂપ લોકોને જણાવા માંડે છે. ઉપરથી ચઢાવેલ ખોળ નિકળી જતાં અંદરના દોષો છતા થાય છે. આવી સ્થિતિમાં પોતાનો કૃત્રિમ રીતે મેળવેલો મોભો ટકાવી રાખવા ખૂબ ધમપછાડા કરે છે. પણ એ એનો પ્રયત્ન પાણી વલોવી તેમાંથી માખણ કાઢવા જેવો થઈ પડે છે. આવી પરિસ્થિતિમાં એ દરેકને ધમકાવવા પ્રયત્ન કરે છે. અને બધાઓને ધર્મહીન, નાસ્તિક, ભોળા કે મૂર્ખ એવા બિરૂદો આપવા માંડે છે. મારાથી વધુ જ્ઞાની જગતમાં હોઇ શકે જ નહીં એવા બુમબરાડા પાડે છે. તેથી કાંઈ એ કાગડો મટી ગરૂડ થઈ જતો નથી. સાચા જ્ઞાની હોય છે, અને એવી માનવંતી પદવી માટે લાયક હોય છે તેઓ તેવી પદવીથી દૂર ભાગવા પ્રયત્ન કરે છે. એમને એવી પદવીની જરાએ દરકાર હોતી નથી. એમને તો લોકોપકાર કરી આત્માનો વિકાસ સાધવાની લગની લાગેલી હોય છે. રાત દિવસ એમને તો સેવા કરવાનો જ વિચાર મનમાં રમ્યા કરે છે. પદવી કે મોટાઇ તો એમને મન બાલચેષ્ટા જ જણાય છે. ઘણા સંત મહાત્માઓ તો વગર પદવીથી જ લોકોની જીભે ચઢી ગએલા હોય છે. ઘણા તો પદવી ધારણ કરવાથી જ વધુ સારી સેવા હું કરીશ એવી ખાતરી થાય તો જ પદવી ધારણ કરે છે. અને એની ઊંચી કક્ષાએ એને પહોંચાડી વધુ સારી સેવા કરે છે. ત્યારે તુચ્છ વિચારના પદવી ધારકો કાગડાને ઉચિત એવા કુશબ્દો ઉચ્ચારતા રહે છે. પણ એમની એ કૃતિ સૂર્ય સામે ધૂળ ઉડાડવા જેવી જ સિદ્ધ થાય છે.

સાચી મોટાઇ તો સાચા આત્મગુણો વિકસાવવામાં હોય છે. ઊંચે ચઢી બેસવામાં નહીં માટે જ અમે કહીએ છીએ કે, પ્રસિદ્ધિ મેળવવા માટે, છાપામાં ગુણગાન ગવડાવવા માટે કે પોતાનું મુખડું છપાવવા માટે, તેમજ મોટા ગણાતા લોકોના મોઢે ગુણગાન કરાવવા માટે જે પ્રયત્ન થાય છે તે તદ્દન અજ્ઞાનજન્ય ઘેલછા છે. બીજું કાંઇ નહીં.

ત્રિકાલવંદ્ય ભગવંત ઇંદ્રભૂતિ ગૌતમસ્વામી લબ્ધિઓના ભંડાર હતા, એ સહુ કોઇ જાણે છે. એમણે કદી પણ એ લબ્ધિઓ બજારમાં મૂકી ન હતી. કારણ એઓમાં એને જીરવવાની શક્તિ હતી. એઓ લબ્ધિઓના આવિષ્કારથી તો જગતને ખૂબ ગુણ ગાવા લગાડત. પણ એઓએ લબ્ધિઓનો સોદો કોઇ દિવસ કર્યો ન હતો અને એવા આત્મસંયમ માટે જ અમે આજે વગર સંકોચે એમના ગુણો મુક્ત કંઠે ગાઇએ છીએ. એઓની લબ્ધિઓ માટે નહીં. લબ્ધિઓ તો એમના ભવ્ય અને દિવ્ય આત્માનો આવિષ્કાર હતો. તેઓ પંદરસો તાપસોને અંગુષ્ટના સ્પર્શથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવોચિત સુખ

શ્રી. કેદારનાથજી

'જનસંદેશ'માંથી સાભાર ઉધ્ધૃત'

આપણે બધાં સુખી થવા ઇચ્છીએ છીએ, ઘણાં પોતાને સુખી માનતા પણ હશે પણ કેટલે અંશે કેટલા લોકો સાચા સુખી છે તે તો વિવેકી મનુષ્ય જ સમજે છે. મનુષ્યને શોભા આપે તેવું સુખ કેટલા મેળવે છે? આ પ્રશ્નનો જવાબ સૌની પોતપોતાની માનવતાની કલ્પના અને વ્યાખ્યા પર આધાર રાખે છે રાણા પ્રતાપે 'માન જબ તક, પ્રાણ તબ તક.' માન નહિ તો પ્રાણ નહિ, એ ભાવના મેવાડમાં નિર્માણ કરી હતી. જ્યારે બીજી બાજુ કેટલાક લોકો ગુલામીમાં જીવન વીતાવવાનું પસંદ કરે છે. કોઇ કહેશે કે ચણા ફાકીને જીવન ગુજારીશ પણ કોઇનું એઠું તો નહિ જ ખાઉં. તો વળી કોઇ કહેશે કે ભલે એઠું તો એઠું, પણ તે મીઠું લાગશે. લાંચ લેનાર અને લાંચ નહિ લેનાર બેઉને માટે પ્રસંગ એક જ છે. એક માણસ લાંચ લઇ લાલચુ બને છે, જ્યારે બીજો પ્રલોભન વટાવી વધુ પ્રામાણિક બને છે. લાલચુ માણસ રસ્તામાં પડેલી ચીજ તરત ઉપાડીને ગજવામાં મૂકશે, જ્યારે વિવેકી મનુષ્ય તે ચીજ કોની છે તેની તપાસ કરશે અને માલિક નહિ મળે તો પોલીસને સોંપી દેશે.

માટે આપણે એક વસ્તુ બરાબર સમજી લેવી જોઇએ કે આપણે મનુષ્ય છીએ અને મનુષ્યોચિત સુખને-માટે જન્મ્યા છીએ. ગમે તે રીતે સુખી થવાની આશા, ઇચ્છા અથવા વિચાર આપણે છોડી દેવા જોઇએ. જેને જે પ્રકારનું જીવન ગાળવાની ઇચ્છા હોય તે પ્રકારનું જીવન ગાળવાને જગતમાં તેને અવકાશ છે, પરંતુ આપણે એટલી બધી વાસનાને વશ થઇ જઇએ છીએ કે વિચાર કરવાની ફૂરસદ પણ રહેતી નથી. નરસિંહ મહેતાએ વૈષ્ણવજનનાં લક્ષણો કહેતાં કહ્યું છે કે, 'પરધન નવ ઝાલે હાથરે' પણ આપણી બાબતમાં તો પરધનને આપણો હાથ અડતાં જ સ્વધન બની જતું લાગે છે.

મનુષ્ય સુખની ઇચ્છા કરે તે સ્વાભાવિક છે. સુખ ચાહવું તે જીવનનો ધર્મ છે, પણ કેવા પ્રકારના સુખને સાચું સુખ માનવું તેનો નિર્ણય માનવી ધર્મ કરે છે. ચોરી કરીને આણેલો ગોળ કાંઇ કડવો નથી લાગતો, પરંતુ વિવેકી મનુષ્ય આવું ખોટું કામ કરશે જ નહિ અને ચોરીનો ગોળ એને કડવો તો નહિ લાગે, પણ એને ગળે જ નહિં ઊતરે.

( અનુસંધાન પાના ૧૫૯નું ચાલુ )

ક્ષીરનું ભોજન આપે છે, એ પ્રસંગ જો ન બન્યો હોત તો તેમની અપાર લબ્ધિઓ લોકોના જાણવામાં પણ આવી હોત કે નહીં એની પણ શંકા જ છે!

કોઇએ પણ અધિકારની જગા મેળવવા પહેલાં વારંવાર પોતાની લાયકાતનો તોલ કાઢી લેવો જોઇએ. અર્થાત્ લોકસેવાનો ગુણ વધુ ને વધુ કેળવવાનો પ્રયત્ન કરવો જોઇએ. પદવી માટે કે અધિકાર માટે જ તુચ્છ પ્રયત્ન કરનારાઓ ભીંત ભૂલે છે એ સમજી રાખવું જોઇએ.

ખેડૂત ખેતરમાં અનાજ વાવે છે અને તેમાંથી અનાજ મળે એવી અપેક્ષા રાખે છે, કોઈ ઘાસચારાની અપેક્ષા રાખતું નથી ઘાસ અને ચારો તો અનાજની પાછળ ઊગે છે જ. ઘાસચારા માટે જુદો પ્રયત્ન કરવાની જરૂર હોતી નથી. તેમજ પદવી કે અધિકારનું છે. ગુણ હશે તો વૈભવ તેની પાછળ દોડી આવે છે. વૈભવ કે પદવીની પાછળ ગુણ દોડી આવતા નથી માટે જ અમે કહીએ છીએ કે પ્રયત્ન જ કરવાનો તો તે ગુણો માટે હોવા જોઇએ. વૈભવ માટે નહીં. ઇત્યલમ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્ય ધર્મને માટે આપણો જન્મ છે. તેની જાગૃતિ જેને જેને હશે તે કદી યે ખોટું કામ નહિ કરે. જીવનમાં વૈરાગ્યની જરૂર છે, પણ તે વૈરાગ્ય ખોટા સુખ માટેનો, સાચા સુખ માટેનો નહિ! સજ્જનને તો હંમેશા આનંદ, સંતોષ અને પ્રસન્નતા મળે છે. કારણ કે તેઓ સતત ધર્મને માર્ગે ચાલે છે. પ્રાણાર્પણ કરવાનો પ્રસંગ આવે ત્યારે પણ તેઓ દુઃખી ન થતાં, સુખી જ રહે છે. એવે પ્રસંગે તો તેમની આંતરિક તેજસ્વીતા વધે છે. ઝેરનો પ્યાલો પીતી વખતે સોક્રેટિસ વધુમા વધુ આનંદી અને સંતોષી હતા.

માનવીનું મન કેવું છે તે બહુ સમજવાનો, સંશોધનનો વિષય છે. એક વખત મારે સાંજના સૂર્યાસ્ત પછી સિંહગઢ ઉપરથી નીચે ઊતવાનો પ્રસંગ આવેલો. મારી સાથે એક શેઠજી પણ હતા. તેમને ચાર માણસોએ ડોળીમાં ઊંચક્યા હતા અને હું પગે ચાલતો હતો. જેમ જેમ અંધારું વધવા માંડ્યું તેમ તેમ એમનો જીવ ગભરાવા લાગ્યો. તળેટીમાં આવી મોટરમાં બેઠા ત્યારે તેમનો જીવ હેઠો બેઠો. પૂના તેમના બંગલામાં પહોંચ્યા ત્યારે તેઓ ખૂબ સ્વસ્થતાથી મને કહેવા લાગ્યા 'તમે તો અંધારામાં ઝડપથી માર્ગ કાપતા હતા અને મારો જીવ ખૂબ જ ગભરાતો હતો.' તેમને જંગલમાં જવાના પ્રસંગો આવેલા નહિ માટે તે ગભરાતા હતા. આ પ્રસંગનો ઉલ્લેખ કરવાનું પ્રયોજન એટલું જ છે કે જો ભયને પ્રસંગે ધૈર્ય રાખવાનું બળ આપણામાં ન હોય તો આપણી પાસે ગમે તેટલા પૈસા હોય તેનો શો અર્થ? માંદગીને સમયે કે મૃત્યુના વિચારથી શ્રીમંત માણસ ડરી જાય ને ધીરજ ગુમાવી બેસે તો પછી તેના દ્રવ્યમાં શું સામર્થ્ય છે?

આપણે ક્ષણિક સુખની પાછળ પડયા છીએ આનું પરિણામ દુઃખમાં જ આવે છે. જે કોઇ થોડો શરાબ પીતો હોય તે વધુ શરાબ પીનારને સુખી માને છે. પણ જે બિલકુલ શરાબ પીતો જ નથી તે બન્નેને દુઃખી અને વ્યસની માને છે.

શ્રીમંત લોકોનું પણ આવું જ છે. બીજા પાસે વધારે પૈસા જોઇને તેમને અદેખાઇ આવે છે ને તેઓ દુઃખી થાય છે. જીવનમાં હમેશાં દુઃખ, ચિંતા, ઉદ્વેગ સહન કરવા છતાં, આપણાં વિચારમાં, આપણાં જીવનપદ્ધતિમાં કયાંક કંઇક દોષ હશે એવો વિચાર સરખો આપણને આવતો નથી. આપણી આજુબાજુનું વાતાવરણ પણ એવા જ પ્રકારનું હોવાથી જીવનની તુલના કરીને જોવાનું મળતુ નથી. સમાજમાં બધા જ દુર્બળ હોય તો કોણ કોનાથી શરમાશે? એકાદ વ્યક્તિ પણ જો સશક્ત અને બળવાન હશે તો બીજાઓને પોતાની દુર્બળતાનો ખ્યાલ આવશે.

આપણે સારી રીતે સમજીએ છીએ કે આપણે મનુષ્યજાતિના દોષોને લીધે દુઃખી અને સદ્ગુણોને લીધે સુખી થઇએ છીએ, પણ જેમ વ્યસની માણસ કેફી વસ્તુઓની માત્રા વધારીને પોતાની વ્યાકુળતા અને તલપ શાંત કરવાનો પ્રયત્ન કરે છે તેવી જ રીતે આપણે વર્તીએ છીએ. ક્રોધી ક્રોધથી થયેલો ઉપદ્રવ અધિક ક્રોધી બનીને ટાળવા મથે છે. હારેલો જુગારી બમણું રમે તેવું આપણું વર્તન હોય છે. નશાની માત્રા વધારીએ છીએ. લોભી લોભથી મુશ્કેલીમાં મૂકાય છે અને તેને દૂર કરવા તે વધુ લોભી બને છે. એક વખત ગાડીમાં બાજુમાં બેઠેલા મુસાફરે મને પૂછયું 'બીડી પીઉં તો વાંધો નથી ને?' મેં કહ્યું, 'ભલે પીઓ, પણ એવી રીતે પીજો કે બીજી વાર પીવાનું મન ન થાય.' તેમણે કહ્યું કે બીડી પીવાની આદત પડી ગઇ છે.

અંતમુર્ખ બની વિચારીશું તો તરત સમજાશે. ઘણા દુખોનું આપણે જ નિવારણ કરી શકીએ તેમ છીએ, ઘરમાં કોઇ ચીજ ન મળે તો તરત વિચાર આવે છે કે કોઈ લઈ ગયું હશે. પણ જેને શુદ્ધિ પ્રાપ્ત કરવી છે તે પોતાનો વિચાર પહેલો કરશે, પોતે જ કોઈ જગ્યાએ તો તે મૂકી દીધી નથી ને! તેવી તપાસ કરશે જે જાગૃત છે, વિકારવશ નથી, ભાવનાવશ નથી તેને સાચો વિચાર સ્ફૂરે છે. આપણને અવખો થાય તો આપણે જ ખાવામાં દોષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જિનપ્રભસૂરિકૃત અને નવગ્રહની સ્તુતિથી ગર્ભિત પાસથવણ (પાર્શ્વસ્તવન)

[ સંસ્કૃત છાયા અને ગુજરાતી અનુવાદ સહિત ]

સંપાદક અને અનુવાદકઃ પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એ.

વિક્રમની ચૌદમી સદીમાં થઇ ગયેલા અને અનેકવિધ સબળ સાહિત્ય રચનારા જાતજાતનાં સ્તુતિસ્તોત્રોના પ્રણેતા **જિનપ્રભસૂરિએ પાર્શ્વનાથનું** સ્તવન પાઇયમાં–જઇણ પરહટ્ટીમાં (જૈન માહારાષ્ટ્રીમાં) "શ્લેષ" અલંકારથી વિભૂષિત-નવગ્રહોની સ્તુતિરૂપ રચ્યું છે. બંને પક્ષનો–**પાર્શ્વ**નાથનો તેમજ નવ ગ્રહોનો બોધ કરાવનારૂં આ સ્તવન હું બંને પક્ષને લગતી છાયા અને એ બંનેના ગુજરાતી અનુવાદપૂર્વક હું અહીં રજૂ કરું છું:—

**" दोसावहारदक्खो**
**नालीयायरविवासगोपसरो ।**
**रयणत्तयस्स जणओ**
**पासजिणो जयउ जयचक्खू ॥ १ ॥**

છાયા–**दोषापहारदक्षो नालीकादर-**
**विकास गो प्रसरः ।**
**रत्नत्रयस्य जनक:**
**पार्श्वजिनो जयतु जगच्चक्षु: ॥**

દોષોને (અર્થાત્ ભૂતાદિના ઉપદ્રવોને) દૂર કરવામાં ચતુર, અસત્યના આદરના વિકાસ માટે વાણીના પ્રસાર વિનાના (અર્થાત્ અસત્ય ભાષણથી વિમુખ) (સમ્યગ્દર્શનાદિ) રત્નત્રયના ઉત્પાદક અને જગતના નેત્ર (સમાન) પાર્શ્વ તીર્થંકર જયવંતા વર્તો.—૧

---

કર્યો હશે તેનો વિચાર ન કરતાં આળોટવાનો દોષ કાઢીએ છીએ.

આપણા દેશ પર અનેક આક્રમણો થયા ને આપણે ગુલામ થતા ગયા તેમાં આપણી જ સંકુચિતતા, દુર્બળતા તથા કુસંપ એ કારણો હશે એવો વિચાર મનમાં ન કરતાં 'ઇશ્વરની ઇચ્છા' 'નશીબમાં જે લખ્યું હશે તે થશે' એવા નિરાશાજનક ઉદ્ગારો આપણે કાઢતા રહ્યા. જે વિચારવાન છે, જેને શુદ્ધ થવું છે તે પ્રથમ પોતાની તરફ જુએ છે અને કોઈ પણ પ્રસંગમાં પહેલાં પોતાની તો ભૂલ નથી થતી ને તે જુએ છે ને તેની ચોકસાઈ રાખે છે.

દુનિયામાં જેને લીધે આપણને દુઃખ થાય છે તે જ વસ્તુ વધારે પ્રમાણમાં કરીને દુઃખનું નિવારણ કરવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ. કામ, ક્રોધ, લોભ વગેરેથી થનારા દુઃખોનો તે જ વસ્તુઓથી નાશ કરવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ. ક્રોધીને પોતાના ક્રોધની સૂઝ ચડતી નથી, પરંતુ તે એને પોતાનું ભૂષણ સમજે છે. ઘણા જ થોડા માણસો સમજે છે કે જે કાંઈ તેમને ભોગવવું પડે છે તેમાં તેમનો પોતાનો પણ કાંઈ વાંક ગુનો હોય છે જ.

સ્વાર્થને લીધે આવનારી મુશ્કેલી આપણે વધુ સ્વાર્થી થઈને ટાળવા મથીએ છીએ ભોગનાં અનિષ્ટ પરિણામો ભોગ દ્વારા જ નિવારવાનો આપણો પ્રયત્ન હોય છે, પરંતુ ક્રોધને લીધે થયેલું દુઃખ પ્રેમથી, લોભને લીધે થયેલું દુઃખ ઉદારતાથી, સ્વાર્થનું નિઃસ્વાર્થતાથી અને ભોગનું સંયમથી દૂર કરવાનું આપણને સૂઝતું નથી. એ જો સૂઝશે તો આપણે ઘણાં સુખી થઈશું.

( 'જનસંદેશ' માંથી સાભાર ઉદ્ધૃત )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છાયા–दोषाऽपहारदक्षो
नालीकाकरविकास गो प्रसरः ।
रत्नाऽऽत्यजस्य जनको
जयतु जगच्चक्षुः ॥ १ ॥

રાત્રિને દૂર કરવામાં ( એટલે કે એનો અંત આણવામાં) કુશળ, કમળોના આકરને (ખંડોને) વિકસિત કરનારા એવા કિરણોના પ્રસારવાળો તેમજ રત્ના(દેવી)ના પુત્ર (યમ)નો પિતા એવો 'સૂર્ય' જય પામો.—૧

"कय कुवलयपडिबोहो
हरिणंकियविग्गहो कलानिलओ ।
विहिआरविन्द महणो
दिअराओ जयइ पासतिणो ॥२॥"

છાયા–कृतकुवलयप्रतिबोधो
हरिणाऽङ्कितविग्रहः कलानिलयः ।
विहितारवृन्दमथनो छितरागो
जयति पार्श्वजिनः ॥

પૃથ્વીમંડળને પ્રતિબોધ કરાવનારા, સર્પથી અંકિત દેહવાળા, કળાના ધામરૂપ, શત્રુના સમુહનો નાશ કરનારા તેમજ રાગના ઉચ્છેદક એવા પાર્શ્વ તીર્થંકર જય પામે છે.—૨

છાયા–कृतकुवलयप्रतिबोधो
हरिणाङ्कितविग्रहः कलानिलयः ।
विहितारविन्दमथनो
द्विजराजो जयति ॥

ભૂરા કમળો ( અર્થાત્ પોયણાં )ને વિકસ્વર કરનારો, હરણ વડે અંકિત શરીરવાળો, કળાના નિવાસ રૂપ તેમજ અરવિન્દોનો નાશ કરનારો 'ચન્દ્ર' જયવંત છે.૨

कन्तीइ णिज्झिणिन्तोऽसिं दूरं पुहइनन्दणोऽक्करो।
जयजन्तु अमणवक्को समुङ्गलो जयइ पासजिणो॥३॥

છાયા–कान्त्यां निर्जयन् असिं दूरं पृथ्वी
नन्दनोऽक्रूरः ।
जगज्जन्त्वमृतवाक्यः सुमङ्गलो जयति
पार्श्वजिनः ॥

શરીરની કાન્તિ વડે તરવાર (ની પ્રભા )ને અત્યંત જીતનારા, પૃથ્વીને આનંદ આપનારા, સૌમ્ય, જગતના પ્રાણીઓ પ્રત્યે અમૃત (સમાન) વાક્યવાળા તેમજ સુંદર મંગળવાળા પાર્શ્વ તીર્થંકર વિજયી વર્તે છે.–૩

છાયા–कान्त्या निर्जयन् सिन्दूरं पृथ्वी नन्दनः
क्रूरः ।
जगज्जन्त्वमत-वक्रः सुमङ्गलो जयति ॥

(શરીરની) કાંતિ વડે સિન્દૂરને જીતનારો, પૃથ્વીનો પુત્ર, ક્રૂર, જગતનાં પ્રાણીઓને અમાન્ય અને વક્ર એવા સુશોભન 'મંગળ' જય પામે છે.–૩

उप्पलदलनीलरूई हरिमण्डल सन्थुओ
इलाणन्दो ।
रयणिअरदारओ महबुहो पसीइज्ज पासपहू
॥ ४ ॥

છાયા–उत्पलदलनीलरुचिर्हरिमण्डलसंस्तुत
इलाऽऽनन्दः ।
रजोनिकर दारको महाबुधः प्रसीदतु
पार्श्व प्रभुः ॥

કમળનાં પત્રના જેવી નીલ કાંતિવાળા, ઇન્દ્રના સમૂહ વડે સ્તવાયેલા, પૃથ્વીને આનંદ ( જનક ), (પાપરૂપ) રજના સમૂહના વિનાશક અને મહા પંડિત એવા પાર્શ્વ પ્રભુ કૃપા કરો. –૪

છાયા–उत्पलदलनीलरुचिर्हरिमण्डलसंस्तव
इलानन्दः ।
रजनीकरदारको मम बुधः प्रसीदतु ॥

કમળના પત્રના જેવી નીલ કાંતિવાળો, ( સદા સૂર્યમંડળમાં રહેનારો હોવાથી ) સૂર્યના મંડળ સાથે પરિચયવાળો ( પોતાની પત્ની ) ઇલાને આનંદદાયક, તેમજ ચન્દ્રનો પુત્ર એવો 'બુધ' મારી પર કૃપા કરો.–૪

नाहिअबायविजढो नामत्थो नायरायकयपूओ ।
सिरिपासनाहदेवो देवायरिओ सिवं दिसउ ॥५॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છાયા–नाहितवादविदग्धो ज्ञायस्थः (ज्ञातार्थः)
नागराजकृतपूजः ।
श्री पार्श्वनाथदेवो देवावृतः शिवं दिशतु ॥

અહિતવાદમાં કુશળ નહિ એવા (અર્થાત્ હીત· કારી કથન કરનારા) સદાચારમા રહેલા (એટલે કે સદાચારી) (અથવા વસ્તુઓના જાણકાર અર્થાત્ સર્વજ્ઞ), નાગરાજ ધરણેન્દ્રદ્વારા પૂજાયેલા તેમજ દેવોથી આવૃત (પૂજાયેલા) એવા શ્રી પાર્શ્વનાથ દેવ (મને) મોક્ષ આપો.—૫

છાયા–नास्तिकवादविदग्धो
नागराज कृतपूजः ।
देवाचार्यः शिवं दिशतु ॥

('લોકાયત' મતનો ઉપયોગ કરનારો હોવાથી) 'નાસ્તિક'વાદમાં કુશળ, સ્વર્ગમાં અથવા આકાશમાં રહેનારો તેમજ નાગરાજ અર્થાત્ શુક્રદ્વારા પૂજાયેલો એવો દેવોનો આચાર્ય 'બૃહસ્પતિ' યાને ગુરુ મોક્ષ આપો.–૫

रायावट्ट समुज्जलतणुप्पहामण्डलो महाभूई ।
असुरेहिं नमिज्जन्तो पासजिणिन्दो कई जयउ ।६॥

છાયા–राजावर्त समुज्ज्वलतनुप्रभामण्डलो महाभूतिः
असुरैर्नम्यमानः पार्श्वजिनेन्द्रः कविर्जयतु ॥

રાજાવર્તના જેવી ઉજ્જવળ શરીરની પ્રભાના મંડળવાળા, મોટી સંપત્તિવાળા, (ભવનપતિ વગેરે) અસુરો વડે નમન કરાયેલા તેમજ જ્ઞાનના જાણકાર એવા પાર્શ્વ જિનેશ્વર જય પામો.–૬

છાયા–राजावर्तसमुज्ज्वलतनुप्रभामण्डलो
मघाभूतिः ।
असुरैर्नम्यमानः कविर्जयतु ॥

રૂપાના દ્રવ જેવી ઉજ્જવળ (અર્થાત્ સફેદ –અત્યંત ધવળ) શરીરની પ્રભાના મંડળવાળો, 'મઘા' (નક્ષત્ર)માં જન્મેલો અને અસુરો (દૈત્યો)વડે વંદિત એવો 'શુક્ર' વિજયવંત હો.–૬

तिमिरासिसमारूढो सन्तो दुक्खावहो
जयम्मि थिरो ।
बहुलतमासरिससिरी जयच्चक्खुसुओ
जयउ पासो ॥ ७ ॥

છાયા–तिमिरासिशमारूढो शान्ते दुःखापहो
जगति स्थिरः ।
बहुलतमासदृशश्री जगच्च्छ्रुतो जयतु
पार्श्वः ॥

અજ્ઞાનને દૂર કરનારા સુખને વિષે આરૂઢ થયેલા, (૧૮ દોષોથી રહિત હોવાથી) શમી, દેહધારીનાં શારીરિક અને માનસિક) દુઃખોને હરનારા, વિશ્વમાં સ્થૈર્યવાળા, અત્યંત પ્રચુર અને અસમાન એટલે કે નિરુપમ કાંતિવાળા તેમજ જગતના નેત્ર સમાન શ્રુત (યાને સિદ્ધાન્ત)વાળા પાર્શ્વ જય પામો.

છાયા–' तिमि ' राशिसमारूढः सन् दुःखावहो
जगति स्थिरः ।
बहुलतमासदृश श्री जगच्चक्षुः सुतो जयतु ॥

'તિમિ' (યાને 'મીન') રાશિમાં રહેલો છતો સ્થિર 'શનિ' દુઃખદાયી થાય છે. જગતમાં કૃષ્ણ પક્ષની રાત્રિના સમાન શોભાવાળો અને સૂર્યના પુત્રરૂપ (એ શનિ) જયવંતો વર્તો –૭

कवलीकयदोसायरमायं हरहं अहो तणु-
विमुक्कं ।
लोआभरणीभूयं पासजिणं सत्तमं सरह
॥ ८ ॥

છાયા–कवलीकृतदोषाकरमायं दरहं अहो
तनुविमुक्तम् ।
लोकाभरणीभूतं पार्श्वजिनं सत्तमं स्मरत ॥

જેમણે દોષોના આકરરૂપ માયાનું ગ્રસન કર્યું છે. એવા, ભયોના વિનાશક, શરીરોથી રહિત, જગતના આભૂષણરૂપ તેમને (સર્વ જિનોમાં) ઉત્તમ એવા પાર્શ્વ તીર્થંકરને અહો (જનો !) તમે સ્મરો. -૮

છાયા–कवलीकृत दोषाकरमार्तण्डरथं
अथ च तनु विमुक्तम् ।
लोका ! भरणीभूतं सत्तमं स्मरत ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણ મહા પર્વ ઊજવો ને કષાયથી બચો

મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

જૈન ધર્મમાં પ્રતિવર્ષ પર્યુષણ એ મહા પર્વ આવે છે અને ગામે ગામ જૈન ભાઇઓ શ્રદ્ધાપૂર્વક બહુમાનથી ઊજવે છે. એ પર્વનો રહસ્યમય હેતુ ખાસ જાણવા જેવો છે. પર્યુષણમાં છેલ્લો દિવસ સંવત્સરી વાર્ષિક દિવસ છે. જેમ લગ્ન સમય અમુક દિવસે કે ટાઇમે હોય છે. પણ તેની તૈયારી ઘણા દિવસો અગાઉથી કરવામાં આવે છે. તેમજ સંવત્સરી વાર્ષિક દિવસની તૈયારી દોઢ માસ અગાઉથી કરવામાં આવે છે તેથી અષાડ શુદી ચૌદશને દોઢ મહિનાનું ઘર કહેવાય છે, શ્રાવણ શુદી ચોથને મહીનાનું ઘર કહેવાય છે, શ્રાવણ વદી ચોથને પંદર દિવસનું ઘર કહેવાય છે અને શ્રાવણ વદી બારસને આઠ દિવસનું ઘર (અઠ્ઠાઇઘર કહેવાય છે) અને ત્રણ દિવસ બાકી રહેતા ભાદરવા સુદી બીજને તેલાધર (ત્રણ દિવસનું ઘર) કહેવાય છે. છેવટે ભાદરવા સુદી ચોથને સંવત્સરી પર્વ કહેવાય છે.

*   *   *

સંવત્સરી વાર્ષિક દિવસનો શો હેતુ છે તે ખાસ જાણવા જેવું છે. આત્મા અનાદિકાળથી ક્રોધ, માન, માયા લોભરૂપી ચાર કષાયોથી જીતાયેલો છે તે ચાર કષાયના ચાર મુખ્ય ભેદ છે. તેમાં પહેલો કષાય સંજવલન, બીજો પ્રત્યાખ્યાની, ત્રીજો અપ્રત્યાખ્યાની અને ચોથો અનંતાનુબંધી. આ આત્માના દુશ્મનરૂપી કષાયને જીતવા જિનેશ્વર ભગવાને જે માર્ગ બતાવેલ છે તે મિચ્છામિદુક્કડં અર્થાત્ બાંધેલ કર્મ મિથ્યા થાઓ તેવું મન-વચન-કાયાથી સંવત્સરીના દિવસે ગુરુ અને સંઘ સમક્ષ બોલવાનું હોય છે.

*   *   *

આ ચારે કષાયોના ઉદયકાળની સ્થિતિ કેટકેટલા સમયની હોય છે તે વિચારી જોઇએ. પહેલો સંજવલન કષાય જેના ઉદયકાળની સ્થિતિ પંદર દિવસની છે. તેથી તેના નિવારણ માટે પાક્ષિક પ્રતિક્રમણ કરીએ છીએ. બીજો પ્રત્યાખ્યાની કષાય જેનો ઉદયકાળ ચાર માસનો હોય છે તેથી ચૌમાસી પ્રતિક્રમણ કરીએ છીએ, ત્રીજો અપ્રત્યાખ્યાની કષાય તેનો ઉદયકાળ એક વર્ષનો હોય છે તેથી આપણે સંવત્સરી પ્રતિક્રમણ કરીએ છીએ. વર્ષ દરમ્યાન થએલ કષાયનું મિચ્છામિદુક્કડં દેવાય છે અને ચોથો છેલ્લો કષાય અનંતાનુબંધી જેનો ઉદયકાળ જાવજીવનો છે. તેથી તે તો ભોગવેજ છૂટકો છે.

આ થઇ કષાયરૂપી અરિ કહેતા આત્માના દુશ્મનની વાત. તેથી જૈનકુળમાં જન્મેલો ધર્મનો ખપી આત્મા પાક્ષિક, ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણ અવશ્ય કરે. છેવટે સંવત્સરી પ્રતિક્રમણ તો કરે અને કોઈ દિવસ દહેરે ઉપાશ્રયે સંજોગવશાત ન પણ જતો હોય તે પણ ગમે તેવા સંજોગમાં પણ સંવત્સરી પ્રતિક્રમણ કરે છે તે આપણે જોઇએ છીએ, જે આત્મા સંવત્સરી પ્રતિક્રમણ નથી કરતો તેને શાસ્ત્રમાં અવહેવારીયો ( દિવાળીઓ ) કહેલ છે તેથી જોઇએ છીએ કે સંવત્સરીનો મહિમાં છે.

*   *   *

એક રાજાના ભંડારમાં કીમતી રત્ન હતું, અને પ્રતિવર્ષ રાજ તરફથી રત્નોત્સવ ઉજવવામાં આવતો. પણ તેનો હેતુ શું છે તે કોઇ જાણતું નહીં. રાજાને તે હેતુ જાણવા ઉત્કંઠા થઇ તેથી દીવાન તથા પ્રજાજનોને પૂછ્યું, લોકો કહે આપણા બાપદાદાઓ ઉજવતા આવ્યા છે. તે ગતાનુગતિક રૂઢી છે. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાતથી રાજાને સંતોષ થયો નહીં તેથી ખરૂં રહસ્ય જાણવા ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે .આ ઉત્સવનું ખરૂં રહસ્ય બતાવશે તેને સારૂં ઇનામ આપવામાં આવશે. તેથી એક બુદ્ધિશાળી વયોવૃદ્ધે બીડું ઝડપ્યું. રાજાને કહ્યું કે મને રત્ન બતાવો, હું ખરૂં રહસ્ય સમજાવીશ. વૃદ્ધે વિચાર કર્યો કે હમણાં જ વાત કહીશ તો ગપામાં ઉડી જાય તેથી પ્રમાણ સાથે સમજાવવા નક્કી કર્યું. અને રાજાને કહ્યું કે ગામની બહાર મંડપ બંધાવો અને પ્રજાજનોને ત્યાં બોલાવો હું બધાની સામે સમજાવીશ. એક દિવસે બધા ભેગા થયા. વૃદ્ધે અનાજનો ઢગલો કરી તેની ઉપર રત્ન મુકયું અને પાંજરામાં પૂરી રાખેલા ભૂખ્યા પક્ષીઓને છૂટા મૂકી દીધાં. પક્ષીઓ અનાજ ખાવા અનાજ પાસે આંટા મારે પણ અનાજ ખાઈ શકે નહીં. ઢગલા ઉપરથી રત્ન ઉપાડી લીધું કે તરત જ પક્ષીઓ અનાજ ઉપર તૂટી પડયા અને અનાજ ખાઈ ગયા. પછી વૃદ્ધે રાજાને સમજાવ્યું, આ રત્ન જ્યાં સુધી ઢગલા ઉપર હતું, ત્યાં સુધી કોઇ અનાજ પાસે આવી શકયું નહીં. પછી ઢગલા ઉપરથી રત્ન લઈ લીધું કે તરત જ અનાજ સાફ થઈ ગયું. આ રત્નનો ગુણ છે કે જે રાજ પાસે આ રત્ન હોય તે રાજ ઉપર દુશ્મન ચઢાઈ કરી શકે નહીં તેથી આ રત્નનો બહુ માનપૂર્વક વાર્ષિક ઉત્સવ ઉજવાય છે. રત્નોત્સવની જેમ પર્યુષણ મહાપર્વ આત્માના કષાયરૂપી દુશ્મનથી બચવા માટે પ્રતિ વર્ષ ધામધૂમથી ઉજવાય છે, તેનું ખરું રહસ્ય સમજી તન-મનધનથી દરેક ભાઇબહેન વિશેષ પ્રકારે પર્યુષણ પર્વ ઉજવી કષાયથી બચે એજ મારી અભિલાષા

---

અનુસંધાન પેજ ૧૬૪

જેણે ચન્દ્રના અને સૂર્યના રથનું ગ્રસન કર્યું છે, જે શરીરના નીચેના ભાગથી રહિત છે (અર્થાત્ જેને કેવળ મસ્તક છે) અને જે 'ભરણી' (નક્ષત્ર)માં જન્મેલો છે એવા સુન્દર ('રાહુ') નું હે લોકો ! તમે સ્મરણ કરો. –૮

**दुरिआइं पासनाहो सिहावमालिअ नहो भुवणकेऊ**
**दूरं तमरासीओ सत्तमट्ठाणट्ठिओ हरउ ॥ ९ ॥**

છાયા–

**दुरितानि पार्श्वनाथ शिखाव्याप्तनखो भुवनकेतुः।**
**दूरं तमोराशितः सत्तमस्थानस्थितो हरतु ॥**

કિરણો વડે વ્યાપ્ત એવા નખવાળા, વિશ્વના ધ્વજ (સમાન), (મિથ્યાત્વ, મોહ ઇત્યાદિરૂપ) અંધકારના સમૂહથી દૂર (રહેલા), (અને એથી તો) ઉત્તમ સ્થાનમાં (અર્થાત્ મોક્ષમાં) રહેલા એવા પાર્શ્વનાથ પાપોને દૂર કરો. –૯

છાયા–दुरितानि शिखाव्याप्तनभाः भुवनकेतुः।
दूरं तमोराशितः सप्तमस्थानस्थितो हरतु।

શિખા વડે આકાશને વ્યાપ્ત કરનારો તેમજ રાહુએ આશ્રય કરેલી રાશિથી સાતમા સ્થાનમાં રહેલો જગતમાં 'કેતુ' પાપો દૂર થાય તેમ તેનો નાશ કરો.–૯

**इय नवगहथुइगब्भं जिणपहसूरीहिं गुम्फिअं थवणं ।**

**तुह पास ! पढइ जो तं असुहा वि गहा न पीडन्ति ॥ १० ॥**

**છાયા–इति नवग्रहस्तुतिगर्भं जिनप्रभसूरिभिर्गुम्फितं स्तवनम् ।**

**तव पार्श्व ! पठति यस्तं अशुभा अपि ग्रहा न पीडयन्ति ॥**

આ પ્રમાણે હે પાર્શ્વ ! નવ ગ્રહોની સ્તુતિથી ગર્ભિત તેમજ જિનપ્રભસૂરિએ ગુંથેલું એવું (આ) તારું સ્તવન જે પઢે છે તેને અશુભ ગ્રહો પણ પીડા કરતા નથી.

**સ્પષ્ટીકરણ**-ચન્દ્ર ઇત્યાદિ શુભ છે તો પણ એ આઠમા, બારમા ઇત્યાદિ સ્થાનમાં હોય તો તે અશુભ ગણાય, જ્યારે એ ત્રીજા, અગિયારમા ઇત્યાદિ સ્થાનમાં હોય તો શુભ ગણાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાંચ વર્ષનું પ્રમુખપદ !

—દ્વિરેટ

બાપાજી હોશમાં નથી એમ માનીને, તેમનું શરીર તપાસી રહ્યા પછી કંઈક ખિન્નવદને પરંતુ તેમની સ્વભાવગત સરળતાથી દાક્તર મહોદયે આજુ-બાજુ નજર નાખીને ધીમે સ્વરે કહ્યું: 'વધુમાં વધુ હવે બે કલાક કાઢશે; તમારે જે કંઈ તૈયારી કરવી હોય તે કરી લો.'

'બે કલાક ને ઉપર બાવીસ મીનીટ, દાક્તર !' આંખ ખોલીને બાપાજીએ આ શબ્દો ઉચ્ચાર્યા અને આશ્ચર્યથી દાક્તર તથા બીજા બધાં તેમની સામે જોઈ રહ્યાં. બાપાજીના ચહેરા પર મરક મરક હાસ્ય-ની લહેરો ફરકી રહી હતી. મૃત્યુ ટાણે, જીવનદીપના બુઝાવાની હવે ઘડીઓ ગણાતી હતી તે વખતે બાપાજીના વદન પર ખિન્નતાને બદલે હાસ્ય ઉભરાતું હતું, એ સૌ માટે એક ભારે મોટા કૌતુક સમી વાત હતી.

'આ બધાને છોડીને જવાના અવસરે તમને કંઈ દુઃખ નથી થતું ?' આશ્ચર્યમુગ્ધ બનેલા દાક્તરે ગંભીર ચહેરે બાપાજીને પૂછ્યું.

'દુઃખ ?...શા માટે ?' આટલું બોલીને બાપાજી ફરીથી હસી પડ્યા. દાક્તરને તેમણે બેસવાનો ઈશારો કર્યો અને સ્વજનોને જરા નજીક આવવા તેમણે જણાવ્યું: પછી ધીમે પણ ગંભીર સાદે તેમણે એક વાત કહેવાની શરૂઆત કરી:

'બાવીસ વરસની ઉમ્મર આ દેહની હતી ત્યારે એક જૈન મિત્રની સાથે તેમના ઉપાશ્રયે વ્યાખ્યાન સાંભળવા ગયો હતો. ગયો ત્યારે તો માત્ર કૌતુક ખાતર જ ગયો હતો, કેમકે તે સાધુની વ્યાખ્યાન શૈલીના ભારોભાર વખાણ સાંભળેલાં.

'વ્યાખ્યાન દરમિયાન તેમણે એક કથા સંભ-ળાવી. પ્રશાંત મહાસાગરના એક નાનકડા ટાપુમાં ગણતંત્રની એક વિચિત્ર રાજ્યપદ્ધતિ અમલમાં હતી. દર પાંચ વર્ષે તે ટાપુની પ્રજા એક રાજપ્રમુખની ચૂંટણી કરતી. એ પાંચ વર્ષ દરમિયાન તે રાજ-પ્રમુખની આજ્ઞા સૌ કોઈ ઉઠાવતાં. ચૂંટાઈને આવ-નાર દુર્જન હોય અને દુર્જનને યોગ્ય લાગે તેવી ગમે તે આજ્ઞા કરે, પ્રજાને તેનાથી લાભ થાય કે નુકશાન, આનંદ થાય કે દુઃખ, ગમે તેમ હોય તો પણ એ પાંચ વર્ષ તે રાજપ્રમુખનું એકચક્રે રાજ્ય ચાલતું. તેની સામે કોઈ વિરોધ ન કરે, કોઈ ચૂં કે ચાં ન કરે, તેની આજ્ઞાનું સૌ કોઈ પાલન કરે એવો ધારો હતો.

'પણ એ પાંચ વર્ષ પૂરાં થયા પછી તેને દરિયા કાંઠે લઈ જઈ એક નાના વહાણમાં બેસાડી દેતા. ત્યાંથી થોડાક માઈલ દૂર એક બીજો બેટ હતો ત્યાં તેમને લઈ જતા અને ત્યાં તેમને એકલા છોડીને એ વહાણ પાછું ફરતું.

'પેલા બેટ પર વસ્તી ન હતી. ઘીચ જંગલ અને વિકરાળ વનપશુઓ એ ટાપુમાં વસતાં અને ભૂલેચૂકે એ ટાપુ પર જનારનાં સોયે વર્ષ ત્યાં પૂરાં થતાં. જંગલી પ્રાણીઓ જે કોઈ જાય તેનો શિકાર કરતાં.

'એટલે પાંચ વર્ષ રાજ્યસત્તા ભોગવ્યા પછી, વિલાસ અને મોજશોખ માણ્યા પછી છેવટે રાજ્ય-પ્રમુખને ત્યાં જવું પડતું અને ત્યાં જંગલી જાન-વરોના હાથે મોતને ઘાટ બૂરી રીતે ઉતરવું પડતું. આ રીતે પાંચ વર્ષના પ્રમુખપદ પછી બૂરે મોતે મરવાનું છે એમ જાણનારા એક પછી એક, દર પાંચ વર્ષે આવનારા રાજપ્રમુખો પાંચ વર્ષ દરમિયાન બને એટલો મોજશોખ માણી લેતા. જિંદગીની મજામાં ચકચૂર બની જતા.

'એક વાર એજ રીતે પાંચ વર્ષ પૂરાં કરીને પેલા ટાપુ પર જવાનો એક રાજપ્રમુખનો વારો આવ્યો. તેને વિદાય આપવા મોટી માનદમેદની બંદર પર જમા થઈ હતી. તે બધાંની આંખમાં આંસુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતાં, પણ પેલા રાજપ્રમુખના ચહેરા પર આનંદ અને હાસ્યની છોળો ઊડતી હતી. ખૂબ જ આનંદપૂર્વક સૌને પ્રણામ કરીને તે રાજપ્રમુખ વહાણમાં બેઠાં અને વહાણવટીએ વહાણને સમુદ્રમાં આગળ હંકારવા માંડ્યું.

'પેલા રાજપ્રમુખે વહાણના કપ્તાન સાથે આનંદથી વાતો કરવા માંડી. પણ કપ્તાનને ભારે મોટું આશ્ચર્ય થયું. તેણે નમ્રતાપૂર્વક હાથ જોડીને મૃત્યુને ભેટવા જઇ રહેલા રાજપ્રમુખને પૂછ્યું :

'ક્ષમા કરજો, પણ એક આશ્ચર્ય થયું છે. આ પહેલાં બીજા આઠ પ્રમુખોને સામે કાંઠે પેલા બેટ ઉપર મૂકી આવ્યો છું. મારા પિતાજી પણ આ જ વહાણમાં તેમના વખતમાં દસ પ્રમુખોને ત્યાં મૂકી આવ્યા હતા. જ્યારે પેટા બેટ ઉપર રાજપ્રમુખને મૂકવા જવાનું હોય છે ત્યારે છેલ્લી ત્રણ પેઢીથી આ અમારા વહાણનો જ ઉપયોગ થાય છે, એટલે તો મારા આ વહાણનું નામ લોકોએ 'પ્રમુખમાર' પાડેલું છે. આજ પહેલાંના બધા રાજપુરૂષો રડતાં કકળતાં આ વહાણમાં બેસતા. અરે, તેમને જબરદસ્તીથી ઊંચકીને વહાણમાં બેસાડવા પડતા. આખા રસ્તે એમના પર જાપ્તો રાખવો પડતો અને પેલા બેટના કાંઠે એમને પરાણે ધક્કા મારીને લગભગ ફેંકી દેવા પડતા એ બધા રાજપ્રમુખોના કલ્પાંતો મેં સાંભળ્યાં છે અને હવે તો કોઠે પડી ગયાં છે.

'પણ તમે કોઇ નવી નવાઈના લાગો છો. તમે નથી તો રડતાં કે નથી કંઈ કલ્પાંત કરતા. એથી ઊલટું તમે તો ખૂબ જ આનંદમાં છો, હસો છો અને નવવધૂને પરણવા જઇ રહેલા કોઈ પ્રેમીજનની માફક ઉત્સાહમાં છો. કૃપા કરીને આમ કેમ તેનો ખુલાસો કરશો ?' પેલા વહાણવટીએ પૂછ્યું.

'જવાબમાં રાજપ્રમુખ ફરીથી હસી પડ્યા. પછી તેમણે પેલા કપ્તાનના વાંસા પર પ્રેમથી એક ધબ્બો માર્યો અને કહ્યું: 'દોસ્ત, બીજા બધા રાજપ્રમુખો પાંચ વર્ષ વધારેમાં વધારે મોજશોખ અને રંગરાગ, ગુલતાનમાં કેમ રહેવું તેનો જ વિચાર કરતા હતા અને એ રીતે તેમની જિંદગી તેઓ બરબાદ કરી રહ્યા હતા.

મેં પાંચ વર્ષ પછી શું ? એ વાતનો વિચાર કર્યો. મારી આજ્ઞા તો સૌ કોઇને શિરોમાન્ય હતી. મેં સેનાપતિને બોલાવીને આજ્ઞા કરી કે તમારું અડધું લશ્કર લઈ પેલા સામા કાંઠા પરના બેટ પર જાઓ. સાથે માલ, સામાન, મજૂરો, સાધનસામગ્રી, હથિયારો વિગેરે જે જોઇએ તે લઇને જાઓ. ત્યાં જઈને પેલા બેટ પરનાં જંગલો કાંપી નાંખો, ત્યાંના વિકરાળ જાનવરોનો નાશ કરી નાંખો અને ત્યાં એક સરસ મજાનું, રમણીય શહેર બાંધી નાંખો. આ બધું કામકાજ અતિશય ગુપ્તપણે થવું જોઇએ, અને જ્યાં સુધી ત્યાં શહેર બંધાઈને તૈયાર ન થાય ત્યાં સુધી બધું ગુપ્ત રહેવું જોઇએ.

'મારી આજ્ઞા અનુસાર સેનાપતિએ એ બેટ પરનાં જંગલો સાફ કરાવ્યાં, ત્યાં એક રમણીય નગર બાંધ્યું અને આજુબાજુના બીજા બેટો ઉપરથી સારી ઉજળીયાત વસ્તીને ત્યાં બોલાવી એ શહેરમાં એક સરસ વસાહત ઊભી કરી. મારી પાસે તે પછી બે વર્ષને અંતે સેનાપતિએ બધી વિગતો રજૂ કરી, શહેરના નકશા બતાવ્યા તથા અત્યારે તો વહેપાર ઉદ્યોગનું એક સરસ કેંદ્ર ઊભું થઈ ગયું છે જે ટાપુ પર પાંચ વર્ષ મેં પ્રમુખપદ ભોગવ્યું તેના પાટનગર કરતાંયે વધુ રમણીય શહેર ત્યાં વસી ગયું છે, એટલું સરસ કે સેનાપતિની સાથે ગયેલા સૈનિકો, કર્મચારીઓ અને મજૂરો પણ હવે ત્યાં જ રોકાઈ ગયા છે. અહીં પાછા આવવાની ના પાડે છે. સેનાપતિએ મને કહ્યું છે કે, ત્યાં મારું સ્વાગત કરવા એ બધા એક પગે તૈયાર ઊભા છે અને અહીં તો મારું રાજ્ય ફક્ત પાંચ વર્ષ માટે હતું પણ ત્યાં તો હું જીવીશ ત્યાં સુધી રાજ્ય કરીશ. હવે ત્યાં મને ફાડી ખાવા માટે રાની પશુઓ નથી પણ મારું સ્વાગત કરવા માટે એક આતુર સમાજ—સુખી સમાજ ત્યાં છે.

'કહો હવે, કપ્તાન, હું શા માટે રડું ? મારે કલ્પાંત કરવા માટે કે દુઃખી થવા માટે હવે કોઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ છે ? બોલો ?' આટલું કહીને પેલા રાજપ્રમુખ પુનઃ હસી પડ્યા અને આનંદથી આસમાન તથા સમુદ્રના જળને એક કરતી દૂરદૂરની ક્ષિતિજ તરફ જોઈ મલકી ઉઠ્યા.'

'આ કથા મેં વ્યાખ્યાનમાં સાંભળી અને મારો આત્મા જાગી ગયો કેટલી સરસ બોધકથા હતી તે ? મૃત્યુની પેલે પાર શું છે તે માનવી જાણતો નથી પણ એટલું જાણે છે કે જીવનકાળ દરમિયાન પરલોક માટે જે સત્કર્મરૂપી ભાથું બાંધી રાખ્યું હશે તે જ સાથે આવવાનું છે; અને છતાં, માનવી જાણે છે છતાં, ઉલટી રીતે જ વર્તે છે.

'પેલા સાધુ ભગવંતનું વ્યાખ્યાન પૂર્ણ થયું કે તરત જ હું દોડ્યો અને એમના પગમાં આળોટી પડ્યો. મેં કહ્યું: 'ભગવંત, પેલા રાજપ્રમુખે જેમ પાણી પહેલાં પાળ બાંધી લીધી તેમ મને પણ આપ માર્ગ બતાવો. શું કરવાથી પરલોક સુધરે ? પેલા રાજપ્રમુખની જેમ મૃત્યુ ટાણે પૂર્ણ આનંદ, સંતોષ અને હાસ્યપૂર્ણ વદન સાથે સૌ સ્વજનોને વિદાય આપી શકાય તે માટે કંઈક માર્ગ બતાવો.'

'જૈન કુટુંબમાં જન્મ તો હતો નહિ અને જૈન શાસ્ત્રો, સિદ્ધાંતો વિગેરે કશાનો ખ્યાલ હતો નહિ એ વાત પેલા સાધુ ભગવંતને મેં કહી. તેમણે આનંદ–પુલકિત હૈયે મને કહ્યું :

'મહાનુભાવ ! એક માત્ર શ્રી. નવકાર ગોખી લો. પરમ પાવનકારી એ નમસ્કારમંત્રનું રટણ જીવનભર કર્યા કરો તત્ત્વ, શાસ્ત્ર અને ધર્મ–ધર્મ વચ્ચેના ભેદને વીસરી જાઓ. પરિણામ શું આવશે તેનો વિચાર પણ છોડી દો અને ફક્ત શ્રી. નવકાર મંત્રની આરાધના કરો. તે તમને તારશે, તે તમારી મનોકામના પૂર્ણ કરશે.'

આ પછી શ્રી નવકારમંત્રને કંઠસ્થ કરી મેં તેનું રટણ શરૂ કર્યું. જરા પણ અવકાશ મળે કે મનોમન નવકાર ગણ્યા કરવાનો મેં મહાવરો પાડ્યો અને એના ફળ સ્વરૂપે મને આજે આ દેહને છોડવાના અવસરે કોઈ જાતનું દુઃખ, ગ્લાનિ, ભય કે ચિંતા નથી. પેલા રાજપ્રમુખને માટે જેમ રમણીય નગર તૈયાર હતું તેમ મારા માટે આ ભવથી પણ વધું સુંદર અને વધુ સુખદાયી એવો પરભવ તૈયાર છે. શ્રી. નવકાર મંત્રના પરમ પ્રતાપે તે હું જોઇ શકું છુ. હવે કહો દાકતર, ઉદ્વેગ કે ખિન્નતા મારી પાસે ક્યાંથી હોય ?'

બાપાજીએ ધીરગંભીર આનંદમિશ્રિત સ્વરે તેમની વાત પૂરી કરી અને ઘડિયાળમાં જોયું. દાકતરે કહેલા બે કલાક પૂરા થયા હતા. બાપાજીના કહેવા મુજબ હવે બાવીસ મીનીટ બાકી હતી. દેહ જર્જરિત હતો. પોતાની મેળે બિછાનામાંથી ઉઠવાનું શકય નહોતું.

તેમણે ઈશારો કરી પોતાના શરીરને બેઠું કરવાની સૂચના આપી. પદ્માસન વાળીને તેમને પાછળ ટેકો આપી બેસાડ્યા. બાજઠ ઉપર ઘીનો દીવો તથા અગરબત્તી મૂકાવરાવી શ્રી નવકાર મંત્રના આલેખનવાળી એક તકતી તેના ઉપર ગોઠવવામાં આવી અને પછી છેલ્લી વાર તેમણે નજર કરી.

'કોઈ રડશો નહિ, કલ્પાંત કરશો નહિ. હું તો પરમ સુખ પ્રાપ્ત કરીને એથી પણ અધિક સુખ મેળવવા જાઉ છું તમે...તમે...બધા.. પેલા રાજપ્રમુખની જેમ પાંચ વર્ષ પછી માટેની તૈયારી કરશો તો રડવું નહિ પડે. શ્રી નમસ્કાર મંત્રનો પ્રભાવ તો અચિંત્ય છે. મેં તે અનુભવ્યો છે. મારી છેલ્લી ઈચ્છા મારા માટે, આવતા ભવમાં પણ શ્રી નમસ્કાર મંત્રની ગોદમાં રમતા રહેવાની છે અને તમારા બધા માટે, તમે પણ બધા આ વિશ્વકલ્યાણક મહામંત્ર શ્રી નવકારનું શરણું લઇને આ સંસારને તરી જાઓ તે છે.'

પછી બાપાજીએ ધીરે સાદે શ્રી નવકાર મંત્રનું ઉચ્ચારણ શરૂ કર્યું. સાદ બેસતો ગયો, શેઠનો ફડફડાટ ઓછો થતો ગયો અને એ જ હાલતમાં પદ્માસન વાળેલી દેહાવસ્થામાં બાપાજીનો પ્રાણ જ્યારે દેહને છોડીને ગયો ત્યારે દાક્તરે ઘડિયાળમાં જોઇને કહ્યું : 'બરાબર બે કલાક ને બાવીશ મીનીટ.'

[ "સવિતા"માંથી સાભાર ઉધ્ધૃત ]

---

**સુધારો**—આત્માનંદ પ્રકાશ પુ. ૫૮ અંક ૯માં છાપકામ અંગે જે ભુલથી સ્વ. મુળચંદભાઇ નાનજીભાઇ છપાણું છે તે સ્વ. મુળચંદભાઇ નથુભાઇ વાંચવું. પૃષ્ઠ ૧૫૧.

**શ્રી આત્માનંદ પ્રકાશ હવે પછી ભાદરવો, આસોનો સંયુક્ત અંક ઑકટોબરની તા. ૧૫ મીના રોજ પ્રસિદ્ધ થશે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. 431

# ચીની વિચાર-કણિકાઓ

દશ સોનૈયા દેખીને જેના મોંનો રંગ બદલાય, તેને મેયર ન બનાવવો; અને સો માણસ જોઇને જેનું મોં ફીકું પડી જાય, તેને સેનાપતિ ન બનાવવો.

પુરુષ સ્ત્રીને ચાહે છે, તે જાણે તરસ્યો પાણીને; સ્ત્રી પુરુષને ચાહે છે, તે જાણે ઉનાળામાં છાંયડાને. એટલે જ સ્ત્રીનો પ્રેમ વધુ ટકી રહે છે.

બે વાકયોમાં રાજ્ય ચલાવવાની કળા સમાઇ જાય છે: કટોકટીમાં શાંતિથી વર્તો; અને શાંતિ હોય ત્યારે કટોકટીનો ઉપાય કરવાની તૈયારીમાં રહો.

ખોટું કામ કરતાં પકડાઇ ન જવાનો સારામાં સારો રસ્તો તેમ ન કરવું એ છે.

પૈસા વડે તમે સેતાન પાસે પણ ઘંટી તણાવી શકો.

ઝાડ પોતાનાં મૂળને આધારે રહે છે; માણસ પોતાના હૃદયને આધારે.

કૂતરો, એટલે જાણે વફાદાર વઝીર; બિલાડી, એટલે જાણે સ્વાર્થી રાજકારણી.

ખરાબ તરવૈયા કરતાં સારા તરવૈયા જ પાણીમાં વધુ ડૂબે છે.

ગરીબની જેમ જીવવું સહેલું છે, પણ ધનિકની જેમ ડોળ રાખવો અઘરો છે.

એક પણ હુન્નર ન શીખે, તેનું જીવન એળે ગયું.

ઠોઠપણાની ભરપાઇ ઉદ્યમથી થાય.

માણસનો લોભ એટલે જાણે હાથી ગળવા પ્રયત્ન કરતો સાપ.

તમે ગરીબ હશો, તો મોટા શહેરમાં પણ એકલવાયા; પણ ધનિક હશો, તો પહાડોમાં પણ મુલાકાતીઓ.

ગરીબનો ગેરલાભ ન લેવો, અને ધનિકનો ગેરલોભ ન રાખવો.

ઘર ચલાવે ત્યારે ચોખા અને બળતણની કિંમત જણાય; પોતાનાં છોકરાં ઉછેરે, ત્યારે પોતાનાં માબાપની કિંમત સમજાય.

સવારે વહેલુ ઊઠવું, એટલે વધારાનો એક દિવસ કમાયા.

નસીબ જોડકાંમાં નથી આવતું; કમનસીબ કદી એકલું નથી આવતું.

કાનથી કોઈ વિષે વાત સાંભળવા કરતાં તેને મોઢામોઢ મળવું સારું

ભણવું એટલે સામે પ્રવાહે હોડી ચલાવવી: આગળ ન વધો તો જ તણાઓ.

આપણે બધા જન્મએ છીએ એક જ રીતે; પણ સમાનપણે મરવાનું આવશ્યક નથી.

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only